વડીલોને વંદન અભિનંદન

મૂળજીભાઈ પરમાર 'દધિ' (૧૯૪૭)ફોનઃ૯૮૨૪૨૩૬૮૯૩

રમેશચંદ્ર રણછોડદાસ પારેખ (૧૯૪૮)ફોનઃ૨૩૨૩૩૮૧૬

તલોદ માર્કેટયાર્ડની ચૂંટણીના આશ્ચર્યજનક પરિણામો : ઉત્તેજનાસભર દશ્યો સર્જાયા

સોમવારે ૯૭.૭૫ ટકાનું જંગી મતદાન થયું હતું ૪૦ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું

(દશરથ વણઝારા દ્વારા) તલોદ, તા.૩૧

તલોદ માર્કેટયાર્ડની સોમવારના રોજ યોજાયેલ વ્યવસ્થાપક કમિટીની અત્યંત રસાકસીભરી ચુંટણીમાં ૯૭.૭૫ ટકા જેટલું ભારે મતદાન કરી મતદારોએ પોતાની રૂચિ દર્શાવી દીધી હતી. જેની મત ગણતરી મંગળવારના રોજ દિવસ દરમિયાન ચાલી હતી. જેમાં પરિણામો આશ્ચર્યજનક આવ્યા હતા. ગણતરી દરમિયાન ઉત્તેજનાસભર દ્રશ્યો સર્જાયા હતા. જેમાં વર્તમાન ચેરમેનની નજીવા મતોથી હાર થતાં ઘડીભર સોંપો પડી ગયો હતો જ્યારે વેપારી વર્ગમાં નવ યુવાન વેપારીને વેપારીઓએ જંગી મતોથી ચુંટીને કમીટીમાં મોકલતાં આનંદ અને ઉલ્સાસ વર્તાયો હતો.

તલોદ માર્કેટયાર્ડના પરિણામોએ રાજકીય પંડિતોની ગણતરી ઉંધી પાડી દીધી હતી. જેમાં ચુંટણી જંગમાં ઉભા રહેલા ઉમેદવારોએ સહેજે કચાશ રાખ્યા વગર મતદારોને રીઝવવા આકરી મહેનત કરી હતી. જેના ફળ સ્વરૂપ જાહેર થયેલા પરિણામોએ કભી ખુશી કભી ગમના દ્રશ્યો ઉભા કર્યા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે ખેડુત વિભાગમાં આઠ બેઠકો માટે ૨૪ ઉમેદવારોએ ચુંટણી લડી હતી જ્યારે વેપારી વિભાગમાં ચાર બેઠકો માટે ૧૨ જેટલા ઉમેદવારોએ ચુંટણીમાં ઝંપલાવ્યું હતું. જ્યારે સહકારી વિભાગની બે બેઠકો માટે ચાર ઉમેદવારોએ ચુંટણી લડી હતી. ત્રણ વિભાગમાં કુલ ૧૪૬૭માંથી ૧૪૩૪ જેટલા મતદારોએ ઉત્સાહ દર્શાવી જંગી મતદાન કર્યું હતું. જો કે વર્તમાન ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ ફક્ત ત્રણ મતોથી ચુંટણી હારી ગયા હતાં.

તલોદ માર્કેટયાર્ડની ચૂંટણીના વિજેતા ઉમેદવારો

સહકાર વિભાગ : અંબાલાલ દાનાભાઈ પટેલ, અંબાલાલ આંબુભાઈ પટેલ

વેપારી વિભાગ : અભયકુમાર આસનદાસ શાહ, વિજયકુમાર વિનોદકુમાર રામી, કિરીટકુમાર ડાહ્યાલાલ શાહ, કિર્તીકુમાર રતીલાલ મહેતા

ખેડુત વિભાગ : સજ્જનસિંહ કાળુસિંહ ઝાલા, ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર, બંસીધર ભુલેશ્વર મહેતા, જવાનસિંહ કેસરીસિંહ ઝાલા, કલ્પેશકુમાર ડાહ્યાભાઈ પટેલ, બાબુભાઈ ગોપાળભાઈ પટેલ, ભરતકુમાર મણીલાલ પટેલ, સંજયકુમાર રણછોડભાઈ પટેલ.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

રતનપુર ચેકપોસ્ટ પરથી વિદેશી દારૂ ભરેલી રીક્ષા ઝડપાઈ

નાયબ પોલીસ મહાનિરીક્ષક ગાંધીનગરની સૂચના મુજબ અરવલ્લી જિલ્લામાં પ્રોહીબીશન અંગે ડ્રાઈવ આપી જિલ્લામાં શાંતિ અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આયોજન કરવામાં આવ્યું હતું. તેઓની સૂચના મુજબ પોલીસ અધિક્ષક મયુર ચાવડા તરફથી આ ડ્રાઈવ દરમ્યાન અસરકારક કામગીરી કરવા સૂચના આપતાં એલ.સી.બી. અરવલ્લી પોલીસ સ્ટાફ દ્વારા રતનપુર ચેકપોસ્ટ મુકામે પ્રોહી નાકાબંધી કરતાં નાકાબંધી દરમ્યાન આ કામના આરોપી ડ્રાયવરે રીક્ષા નં. જીજે-૧ડીવી-૫૭૮૮ (કિં. રૂ. ૧,૦૦,૦૦૦)ની જુદા જુદા માર્કાની પરપ્રાંતની વિદેશી દારૂની ૭૫૦ મીલીની કાચની કંપની સીલ લેબલવાળી બોટલો નંગ ૬૦ જેની કિં. રૂ. ૨૮,૮૦૦ નો વેચાણ અર્થે ભરી લાવતાં પોલીસની નાકાબંધી જોઈ ઈંગ્લિશ દારૂ ભરેલ રીક્ષા મુકી નાસી ગયા હતા. આ માટે શામળાજી પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં. ૫૧૦૫/૧૫ પ્રોહી એક્ટ ક.૬૬(૧)બી, ૬૫એઈ, ૧૧૬બી, ૮૧ મુજબનો ગુન્હો દાખલ કરાવવામાં આવેલ છે. આમ અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસ દ્વારા પ્રોહીબીશનની સારી કામગીરી કરવામાં સફળતા સાંપડેલ છે.

વઢવાણ સ્વામિનારાયણ મંદિરને ૧૧૧ વર્ષ પૂર્ણ થતા અમદાવાદ ખાતે બાઈક રેલી યોજવામાં આવી હતી. જેમાં યુવા જાગૃતિ, વિશ્વ શાંતિ અભિયાન, વ્યસનમુકિત, સ્વચ્છતા જાગૃતિ વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. રેલી શહેરના ૨૧ પોલિસ સ્ટેશન વિસ્તારમાં અને ૧૭ સ્વામિનારાયણ મંદિરને સાંકળી વસ્ત્રાલ ખાતે પહોંચી હતી. સી.ટી.એન. ખાતેથી શાસ્ત્રી સત્યપ્રકાશદાસજી અને પ.પૂ. શ્રી લાલજી મહારાજની ઉપસ્થિતિમાં રેલીનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

પાલનપુર સિવિલ હોસ્પિટલમાંથી બાળકને ચોરી જનાર યુવતી ઝડપાઈ

ડીસાની પરિણીતાને પ્રસુતિની સહાય અપાવવાની લાલચ આપી તેના બે માસના બાળકનું તેની કૌટુંબિક માસીએ અપહરણ કર્યું હતું. જેની પોલીસ ફરીયાદ પાલનપુર શહેર પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. જે ગુનાનો ભેદ ઉકેલતા પોલીસે ગણતરીના કલાકોમાં અપહુત બાળક અને તેનું અપહરણ કરનાર યુવતીને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસાની પરિણિતા સુનિતાબેન પ્રકાશકુમાર રાવળ બે દિવસ પુર્વે તેના બે માસના દિકરા દરશન સાથે પીયર ગામ મડાણા (ડાંગીયા) આવી હતી. જ્યાં તેની કૌટુંબિક માસી સુનિતાબેન રાયચંદભાઈ રાવળ આવી હતી. જે પરિણિતા સુનિતાને પ્રસુતિની સહાય અપાવવાની લાલચ આપી તેના બે માસના દિકરાને લઈ પાલનપુર સિવિલમાં આવી હતી. જ્યાં વજન કરાવવાના બહાને બાળકને લઈને ફરાર થઈ ગઈ હતી. જેની ફરીયાદ પાલનપુર શહેર પોલીસ સ્ટેશને નોંધાઈ હતી.

જેથી મામલો પોલીસ થાણે પહોંચ્યો હતો. દરમિયાન, પોલીસે ગુનાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી લીધો હતો. પોલીસે મોબાઈલ લોકેશનના આધારે અલગ-અલગ જગ્યાએ છાપો મારી અપહત બાળક સાથે યુવતીને ઝડપી લીધી હતી. જો કે, યુવતીને સંતાન સુખ ન હોઈ તેણે બાળકનું અપહરણ કર્યુ હોવાની માહિતી પોલીસ તપાસમાં બહાર આવી છે.ચકચાર મચાવનાર અપહુત બાળક હેમખેમ મળી આવતા પોલીસે પણ હાશકારો અનુભવ્યો હતો.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શ્રી નાગરવેલ હનુમાન મંદિરે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

અમદાવાદના અમરાઈવાડી-રખીયાલ રોડ ઉપર આવેલ પ્રાચીન શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે તા. ૪-૪-૧૫ને શનિવારે શ્રી હનુમાન જયંતિ નિમિત્તે ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૬ વાગે ઉત્થાપન આરતી અને ત્રિયંજન, ૮ વાગે ધ્વજારોહણ, ૯ થી ૧૨ સુંદરકાંડના પાઠ, બપોરે ૧૨ થી ૧ શ્રી હનુમાન જન્મોત્સવ-ભજન-કિર્તન તથા છપ્પનભોગ ધરાવવામાં આવશે. બપોરે ૧ થી ૪ મહાપ્રસાદી વિતરણ (ભંડારો), ૪ વાગે જુદી જુદી ભજન મંડળીઓ દ્વારા ભજન સંધ્યાના આયોજનની સાથે મંદિરના મહંતશ્રી રંગનાથાચાર્યજી મહારાજ ભાવિક ભક્તોને પ્રવચન દ્વારા શ્રી હનુમાનજીની મહત્તાનું રસપાન કરાવશે. રાત્રે ૮.૩૦ વાગે શ્રી નાગરવેલ હનુમાન દાદાની ૧૧૦૦૦ દિવડાઓની ભવ્ય મહા આરતી અને ૯ વાગે મારૂતી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. હનુમાન જયંતિ દિવસે ચંદ્રગ્રહણ હોવાથી મંદિર બપોરે ૩.૪૭થી સાંજે ૭.૧૯ સુધી બંધ રહેશે અને પછી સાંજે ૭.૨૦થી ૨ વાગ્યા સુધી શ્રી હનુમાનદાદાના દર્શન થશે.

શબ્દાવલી - ૫૯૮૭

૧		૨	૩	■	■	૪	૫
	■	૬		૭	૮	■	
૯	૧૦	■	૧૧				
■	૧૨	૧૩	■	૧૪		■	■
૧૫				■		■	૧૬
૧૭		■	■	■	■	૧૮	
૧૯		૨૦	૨૧	૨૨	■	૨૩	
	■	૨૪					■

આડી ચાવી

૧. પડકાર (૪)
૪. રાત્રી, રજની (૨)
૬. સમુદ્રમાં દિવાવાળો મિનારો (૪)
૯. પ્રજાપતિ બ્રહ્મા (૨)
૧૧. સવાર, પરોઢ (અપ્રચલિત શબ્દ) (૫)
૧૨. એક જંતુ (૨)
૧૪. મિત્ર, દોસ્ત (૨)
૧૫. ખેતરમાં વાવવા રાખેલું અનાજ (૪)
૧૭. સાચું, સત્ય (૨)
૧૮. એક કઠોળ (૨)
૧૯. માન - અપમાન (૫)
૨૩. ગુંદર - દુઃખ (૨)
૨૪. ફરી લખાતા પત્ર, યાદપત્ર (૫)

ઊભી ચાવી

૧. સ્વતંત્ર (૩)
૨. મદારી, સાપ પકડનાર (૨)
૩. રાજા, સિપાહસાલાર (૩)
૫. ફુવારો (૩)
૭. ડંડા જેનાથી રાસ-ગરબા રમાય (૩)
૮. તફાવત (૪)
૧૦. ભૂલની માફી માગવી તે (૫)
૧૩. દૂધ ભાતની વાગની (૨)
૧૫. જીર્ણશીર્ણ થઇ ગયેલ (૪)
૧૬. સાતમ પછી... તિથિ આવે (૩)
૧૮. એક જળચર (૩)
૨૦. બાળવાર્તાનું કાલ્પનિક પાત્ર (૨)
૨૧. મમ્મીના ભાઇ... (૨)
૨૨. ના, નહિ (૨)

શબ્દાવલી ૫૯૮૬ના જવાબ

આડી ચાવી :- (૧) વસંત (૪) લથપથ (૬) વાસુદેવ (૮) ખેદ (૯) આજીજી (૧૧) ભેળસેળ (૧૩) નારદ (૧૫) તાસ (૧૬) વિભાજન (૧૮) દાટો (૨૦) વરૂ (૨૧) ફાનસ (૨૨) મઢી (૨૪) તટ

ઊભી ચાવી :- (૨) સંવાદ (૩) તસુ (૪) લવ (૫) પરેજી (૭) દેવળ (૮) ખેવના (૯) આળસ (૧૨) સેતાન (૧૪) રવિ (૧૭) જરુર (૧૮) દાનત (૧૯) ગામ

સર્વિસ ટેક્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સેવાથી લઈને રેસ્ટોરાના બિલ અને તમોને જ્યાં જ્યાં સર્વીસ ટેક્સ લાગે છે ત્યાં હવે આ વેરો વધી જશે. હવાઈ મુસાફરી પણ મોંઘી બનશે. રેલવેમાં કેટરીંગ સેવા પણ મોંઘી બનશે. અને તમારા માટે અચ્છે દિન નહીં બુરે દિનની શરૂઆત થશે.

આ ઉપરાંત આવતીકાલથી બેન્ક ચાર્જીસ વધારાનો બોજો આપના પર આવી જશે. ખાનગી બેન્કોએ ગ્રાહક સેવાના ચાર્જીસ વધારી દીધા છે.

બચત આપતા (સર્વીસ એકા.માં) મીનીમમ બેલેન્સની પેનલ્ટી હવે કમરતોડ બને છે. નવી ચેક બુક લેવી ડેબીટ કે ક્રેડીટ કાર્ડ નવા લેવા કે પછી તમારે ડ્રાફ્ટ કઢાવવા આ તમામ ખર્ચ વધી જશે. હવે બેન્કો એક તરફ બ્રાન્ચની મુલાકાત લીધા વગર તમને બેન્કીંગ વ્યવહારો કરી શકો તેવી સુવિધા આપે છે પણ તેના ચાર્જીસ પણ વધારી દેવાયા છે. તમો બેન્કની શાખા પર જઈને વ્યવહાર કરો કે પછી ઓનલાઈન-એટીએમ જેવા વ્યવહારો કરો આ તમામમાં તમોને વધારાનો ચાર્જ ભરવો પડશે. તમારી હોમ બ્રાંચમાં પણ ત્રણ મહિનામાં વધુમાં વધુ ૧૨ વખત તમો કોઈપણ નાણાંકીય વ્યવહાર કરી શકશો જો વધારે વખત કર્યા તો તો તમારે પછી દરેક વ્યવહારે રૂ. ૫૦નો વધારાનો ચાર્જ ભરવો પડશે.

આમ બેન્કીંગ વ્યવહાર ઓછા થયા છે તો તેના પર સર્વીસ ટેક્સનો દર વધી ગયો છે. બીજી તરફ આવતીકાલથી તમારી રાંધણગેસ સબસીડી હવે બેન્ક ખાતામાં જ જમા થશે તેથી જો તમો તમારા ગેસ કનેક્શનને તમારા બેન્ક ખાતા સાથે લીંકઅપ નહી કરાવ્યું હોય તો તમારી સબસીડી જશે અને ગેસ વપરાશ મોંઘો પડશે ઉપરાંત કોલ બ્લોકની લીલામી ઉંચી જતા હવે આગામી દિવસોમાં વિજ બિલ પણ વધવાનું છે.

નવી પ્રવાસન નીતિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખોટના મુખ્ય કારણોમાં ઓછો ભોગવટો ઉંચા સ્થાયી ખર્ચ ભાવ દરમાં સુધારો ન કરવો અને હોટલોનું બજારીકરણ ન કરવા જેવા મહત્વના કારણો છે.

પ્રવાસન નિગમ દ્વારા સાપુતારા સિદ્ધપુર બેચરાજી વગેરે સ્થળોએ પરિયોજનાઓનું સફળતાપૂર્વક અમલીકરણ કર્યું તેમ છતાં દોડી વારસા પર સામ અને દાંડી સ્થળ ખાતે રૂ. ૨૦.૪૩ કરોડના ખર્ચે ઉભી કરાયેલી સુવિધાઓ ઉપયોગમાં લાવી શકાઈ ન હતી.

વર્ષ ૨૦૧૦ પછી નવી પ્રવાસન નીતિ સરકારે બનાવી નથી આથી રાજ્ય સરકારે નવી પ્રવાસન નીતિ ઘડવાની વિચારણા કરવા પર કેગે ભાર મુક્યો છે. નિગમે તેના પ્રયાસોનો સમન્વય કરવો જોઈએ કે જેથી ઉભી કરવામાં આવેલી અસ્કયામતોનો ઉપયોગ થઈ શકે.

નિગમે જુદા જુદા મેળા અને ઉત્સવો જેવા કે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, નવરાત્રી મહોત્સવ, રણોત્સવ, તરણેતરનો મેળો, વર્ષા ઉત્સવ વગેરેનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. પરંતુ નિગમે પ્રવાસીઓના ઘસારા અને મેળા અને ઉત્સવોમાંથી થયેલા આર્થિક લાભના પ્રભાવનું પૃથ્થકરણ કર્યુ નહોતુ. જાહેર ક્ષેત્રની ખાનગી ક્ષેત્ર સાથેની ભાગીદારીના ધોરણે રણોત્સવનું આયોજન કરતાં પહેલા ખર્ચ-લાભ અંગે કોઈ વિશ્લેષણ ૨૦૧૩-૧૪ થી કર્યુ ન હતું.

ગુજરાત પાવર કોર્પોરેશન લીમીટેડ

બ્લોક નં. ૮, ૬ઠ્ઠો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
ફોન નં. ૨૩૨૫૧૨૫૫-૬૦, ફેક્સ નં. ૨૩૨૫૧૨૫૪

વાહનો વેચાણ અંગે

આ નિગમની માલિકીના નીચેના વાહનો 'જેમ છે જ્યાં છે' સ્થિતિએ વેચાણથી આપવાના છે.

વાહન રજી. નંબર	વાહનનો પ્રકાર	મોડલ	બીડ સીક્યોરીટી ડીપોઝીટની રકમ (રૂ.)
જીજે-૧૮-એ-૩૫૧૫	પેટ્રોલ-એ.સી. મારૂતિ એસ્ટીમ	ઓક્ટોબર -૧૯૯૯	૫,૦૦૦/-
જીજે-૧૮-એબી-૪૮૪	ડીઝલ-એ.સી. ટાટા સુમો	જુલાઈ -૨૦૦૫	૭,૦૦૦/-

વાહનોના વેચાણ અંગેની ઓફર સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. આ અંગેનું ટેન્ડર ફોર્મ નિગમના ઉપરોક્ત સરનામે તા. ૧૫-૪-૨૦૧૫ સુધી (જાહેર રજાના દિવસો સિવાય) સમય ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધીમાં મળી શકશે. ટેન્ડર ફોર્મ ફી રૂ. ૨૦૦/- પ્રતિ વાહન (નોન રીફંડેબલ) રોકડેથી ચુકવવાની રહેશે. સીલબંધ ટેન્ડર તા. ૧૬-૪-૨૦૧૫ના સાંજના ૧૫-૦૦ કલાક સુધીમાં પરત કરવાના રહેશે. કોઈપણ ઓફર સ્વીકારવી કે નહીં તે અંગેના અબાધિત હક્ક આ નિગમને રહેશે.

તારીખ : ૧-૪-૨૦૧૫ — જનરલ મેનેજર
માહિતી/૨૭૪૫/૨૦૧૪-૧૫ — ગુજરાત પાવર કોર્પોરેશન લિ.

૭૦ ફરીયાદો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૬મી માર્ચે રેન્જ આઈજીપી હસમુખ પટેલ દ્વારા હેલ્પલાઈન શરૂ કરી દેવામાં આવી હતી. જેમાં કોઈપણ પ્રકારની ચાલતી અસામાજીક પ્રવૃત્તિઓ તથા પોલીસની સાંઠગાંઠ અંગે સીધી ફરીયાદ કરવા પ્રજાને આહવાન આપવામાં આવ્યું હતું. ઉપરાંત ફરીયાદ કરનાર વ્યક્તિની ઓળખ પણ ગુપ્ત રાખવામાં બાંહેધરી અપાતા પંદર જ દિવસમાં ૭૦ જેટલી ફરીયાદો રેન્જના ચાર જિલ્લાઓ ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લીમાંથી આવી છે. આ હેલ્પલાઈન પર આવતી ફરીયાદને શક્ય હોય તો ૨૪ કલાકમાં જ નિકાલ લાવવાના હસમુખ પટેલના આદેશને પગલે ક્વીક રીસ્પોન્સથી ફરીયાદ કરનાર નાગરીકોને પણ કામગીરીથી ખુબ સંતુષ્ટ છે. હેલ્પલાઈનની ફરીયાદો પૈકી ૧૭ ફરીયાદોમાં ગુના દાખલ કરવામાં આવ્યા છે. જે તમામ દારૂના અડ્ડાના છે. રેન્જ આઈજીપી હસમુખ પટેલના જણાવ્યાનુસાર હેલ્પલાઈનમાં મળેલી ફરીયાદો પૈકી મોટા ભાગની ફરીયાદો દારૂ-જુગાર સંબંધીત છે. તે ઉપરાંત પોલીસ કર્મચારી-અધિકારીઓની સાંઠગાઠ તથા ગેરવર્તુણુંક અંગેની પણ ફરીયાદો મળી છે. જેની તપાસ સંબંધીત ડીવીઝનના ડીવાયએસપીને સોંપાઈ છે અને પોલીસ પરનો આરોપ સાચો નિકળશે તો તે અધિકારી કર્મચારીઓને સસ્પેન્ડ કરવા સુધીના સખત પગલા ભરવામાં આવશે તેમ આજીપીએ ઉમેર્યુ છે.

મનપા વળતર આપશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર વળતરની યોજનાને સારો પ્રતિસાદ મળ્યો હતો તેને ધ્યાને રાખી આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

બીજી તરફ રાજ્ય સરકારે પણ ટ્રાન્સપોર્ટ સેવામાં સહયોગ આપવાની તત્પરતા દાખવી છે અને તે માટે સહમતિ પત્ર મનપાના સત્તાવાળાઓ પાસે માંગતા તે આજે આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર ટ્રાન્સપોર્ટ સિસ્ટમ માટે બસો ફાળવવાની છે. જે ઉલ્લેખનીય છે.

કોર્પોરેશનના તેના અંદાજપત્રમાં પણ બસ સેવાઓ પોતાની શરૂ કરવા માટેના સંકેતો આપ્યા હતા જે પણ નોંધનીય છે. હવે કોર્પોરેશનની પોતાની ટ્રાન્સપોર્ટ સેવા માટેનો માર્ગ મોકળો થયાનું મનાઈ રહ્યું છે.

ચેઈન સ્નેચર્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંગણે ફુલ તોડતા હતા ત્યારે બાઈક ઉપર આવેલા બે અજાણ્યા ચેઈન સ્નેચર્સ તેમની નજીક આવ્યા અને ગળામાં હાથ મારીને રૂ. ૩૫ હજારની કિંમતનો સોનાનો દોરો લુંટી ફરાર થઈ ગયા હતા. દિન દહાડે થયેલી આ લુંટને હજુ એક કલાક પણ માંડ થયો હશે ને સે. ૨૫ના આંતરીક માર્ગ પર વધુ એક મહિલાના ગળામાંથી સોનાના દોરાની લુંટ થવાની ઘટના બની હતી. સે. ૨૫ સહકાર કોલોનીમાં રહેતા શોભનાબેન સંજયસિંગ પોણા બે વાગ્યાના અરસામાં તેમની બેન સાથે મોપેડ પર જઈ રહ્યા હતા ત્યારે પાછળથી બાઈક પર ડબલ સવારી આવેલા ચેઈન સ્નેચર્સ રૂ. ૩૦ હજારની કિંમતનો દોરો ગળામાંથી ઝુંટવીને રફફુચક્કર થઈ ગયા હતા. આ બંને મહિલાઓ લુંટનો ભોગ બન્યા બાદ સે. ૨૧ પોલીસ મથકે પહોંચી હતી અને લુંટની ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

જાહેર નિવિદા

વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા અંગે

જિલ્લા કલેક્ટર કચેરી, ગાંધીનગર જિલ્લા સેવા સદન, સે.૧૧, ગાંધીનગર હસ્તકની ચૂંટણી શાખાને ડિઝલ સંચાલિત નોન એસી વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા માટે અને અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે તા. ૯/૪/૨૦૧૫ સુધીમાં કલેક્ટર કચેરી, ચુંટણી શાખા ખાતેથી અરજી સાથે કલેક્ટર અને જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યાથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે, અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે,

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે,

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૧૦/૪/૨૦૧૫ના રોજ ૧૫-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે. મળેલ ટેન્ડર તે જ દિવસે ૧૬-૦૦ કલાકે ખોલવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર — સહી/-
તારીખ : ૨૬/૩/૨૦૧૫ — કલેક્ટર અને જિલ્લા ચુંટણી અધિકારી
માહિતી/૨૭૪૮/૨૦૧૪-૧૫ — ગાંધીનગર

ગિફ્ટસીટી પાછળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૧૩ના વાયબ્રન્ટ સમીટ પૂર્વે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. હાલ આ ગિફ્ટસીટીમાં બે ટાવરોનું નિર્માણ થયેલું છે. ૨૭ મજલાની ઈ ઈમારતોએ ગાંધીનગરને એક આગવી ઓળખ ફાયનાન્સીયલ સર્વિસીઝમાં આપવાનું શરુ કરી દીધું છે. તાજેતરમાં સેબીએ અહીં ઈન્ટરનેશનલ સ્ટોક એક્ષ્ચેન્જ માટેની મંજુરી આપી છે. આ ઉપરાંત અહીં બોમ્બે સ્ટોક એક્ષ્ચેન્જ દ્વારા પણ જગ્યા મેળવવામાં આવી છે. ૮૮૬ એકર વિસ્તારમાં આકાર લઈ રહેલા ગિફ્ટ સિટીની પરિકલ્પના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૦૮માં કરી હતી. ગિફ્ટ સિટીમાં અત્યાર સુધીમાં ૨૭ માળના બે ટાવર તૈયાર થઈ ચુકયા છે અને વિવિધ આર્થિક સેવાઓને લગતી કંપનીઓ, બેંકોએ પોતાની કચેરીઓ માટે અહીં જગા બુક કરાવી છે. કેટલાકે કચેરીઓ શરુ કરી દીધી છે.

થોડા સમય પૂર્વે જ બોમ્બેસ્ટોક એકસચેન્જના ૩૦૦ જેટલા બ્રોકરોના સંગઠને અહીં પોતાની બેક ઓફિસ સહિતના કામકાજ માટે બુકિંગ કરાવ્યું છે. આજ રીતે બે દિવસ પૂર્વે નેશનલ સ્ટોક એકસચેન્જ (એનએસઈ) એ ગિફ્ટના ૨૬૧ એકર વિસ્તારમાં આકાર લેનાર સેઝમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું એકસચેન્જ ઉભું કરવા માટે કરાર કર્યા છે. આ કરારને જેટલીની જાહેરાતથી ઘણું બળ મળશે તેમ રાજયના નાણામંત્રી સૌરભ પટેલે ખાસ વાતચીતમાં જણાવ્યું હતું.

પટેલે કહ્યું કે કેન્દ્ર સરકારે ગિફ્ટ સેઝને ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટર તરીકે માન્યતા આપી છે જે સમગ્ર ભારતમાં એક માત્ર છે. અહીં અત્યાર સુધીમાં રૂ. ૯૦૦૦ કરોડથી વધુ રકમનું મુડી રોકાણ થઈ ચુકયું છે. સંપૂર્ણ ગિફ્ટ સીટીમાં રૂ. ૭૮,૦૦૦ કરોડનું મૂડીરોકાણ થવાની ગણતરી છે અને તેનાથી પાંચ લાખ લોકોને રોજગારી પ્રાપ્ત થવાનો અંદાજ છે. અહીં અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટરે પણ તેની કચેરી માટે સમજૂતી કરાર કર્યા છે. આ ઉપરાંત મોટા ભાગની ખાનગી બેંકોએ પોતાની બેક ઓફિસ માટે રોકાણ કરવાની જાહેરાત કરી છે. ગિફ્ટ ભવિષ્યનું એક આર્થિક સ્માર્ટ સિટી બની રહે તેવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

ફરિયાદીની ભૂમિકામાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્મચારીઓની કારણ વિનાની દબંગગીરી, ફરિયાદી-અરજદારો સાથે હડધૂત કરતુ વલણ, ફરીયાદ લેવામાં આનાકાની સહીતની ખામી વર્ધી માટે શરમજનક કહેવાતી બાબતોને લગતી ફરિયાદો મળી હતી. આ બાબતને ગંભીરતાથી લઈને રેન્જ આઈજીપીએ આજે બુધવારે સવારથી સાંજ સુધીમાં કંઈ ફરિયાદ સાથે કયાં પોલીસ સ્ટેશને જવું તેની કોન્ફીડેન્શીયલ યાદી તૈયાર કરી દીધી છે. જે યાદીથી તેમની ટીમને પણ માહિતાગર કરવામાં આવી નથી. ફરિયાદનો અલગ અલગ વેશ ધારણ કરીને રેન્જમાં ચારેય જિલ્લાઓ પૈકીનાં કુલ સાત પોલીસ મથકોની વેશ પલ્ટા સાથે હસમુખ પટેલ આકસ્મિક મુલાકાત લેશે. અરજદાર સાથે ગેરવર્તણુંક કરતા કે ફરિયાદ લેવામાં ધક્કે ચઢાવવાનો પ્રયાસ કરતાં જે પોલીસ આવશે તેની સામે કડક કાર્યવાહી થશે તેમાં બે મત નથી...!

જાહેર નિવિદા

કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે

નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતાની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીની સેવા પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના પોર્મ તરીકે કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાક વચ્ચે તા. ૧૦/૪/૨૦૧૫ સુધીમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી મેળવી અરજી સાથે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર કચેરીના નામનો ઉક્ત સેવા માટે રૂ.૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચુકવવા પાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમ બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સી દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિ જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ ભાવપત્રક રજૂ કરવાનું રહેશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૧૮/૪/૨૦૧૫ના રોજ ૧૫-૦૦ કલાકે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ભરેલ ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૨૭/૪/૨૦૧૫ના રોજ ૧૬-૦૦ કલાક સુધીમાં ફક્ત રજી.પો.એ.ડી.થી મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર — નિયામક
તારીખ : — અનુસૂચિત જાતિ કલ્યાણ
માહિતી/૨૭૩૫/૨૦૧૪-૧૫ — ગુજરાત રાજ્ય, ગાંધીનગર